# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- અમરેલીને 292 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપતા મુખ્યમંત્રીએ સહિયારા પ્રયાસોથી ગુણવત્તાલક્ષી વિકાસ કાર્યો કરવા પર ભાર મૂક્યો
- ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ દાદરા અને નગર હવેલી ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.
- પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાને એક વર્ષ પૂર્ણ થતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના વર્ધા ખાતેથી વર્ચ્યુઅલી જોડાઈ ગુજરાતના લાભાર્થીઓને ચેક વિતરણ કર્યા હતા.
- વર્ષ 2024-25 માટે કૃષિ ક્ષેત્રની વિવિધ યોજનાઓના લાભ મેળવવા માટે આઇખેડૂત પોર્ટલ પર આજથી અરજી કરી શકાશે.
- અને રાજ્યના ખેડૂતોને દૈનિક 8 ને બદલે 12 કલાક વિજળી આપવા પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડીયાની રજૂઆત

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM IN RAJULA AMRELI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમરેલીની મુલાકાત દરમિયાન રાજુલા – જાફરાબાદ વિસ્તારના વિવિધ વિકાસ કાર્યોનું અનાવરણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજુલાના મારુતિ ધામ તળાવના પુનઃવિકાસ કાર્યનું ખાતમુહૂર્ત કર્યું હતું. અમૃત 2.0 યોજના હેઠળ 307 લાખ રૂપિયાની ખર્ચે આ તળાવનું કાયાકલ્પ થશે. આ ઉપરાંત 2005 લાખ રૂપિયાના ખર્ચે 'અમૃત 2.0 - નલ સે જલ' યોજનાનું ખાતમુહૂર્ત, જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત 5 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત અદ્યતન સુવિધાઓથી સજ્જ ઓડિટોરિયમનું ઉદઘાટન પણ કરાયું.

અમરેલી જિલ્લાની મુલાકાતે પહોંચેલા મુખ્યમંત્રીએ સ્માર્ટ ગામ દેવરાજીયાની મુલાકાત લીધી હતી ઉપરાંત આબરંડી સફારી પાર્કની મુલાકાત પણ લીધી હતી.

---

- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# VP – DAMAN VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે છે. ઉપરાષ્ટ્રપતિની આ કેન્દ્રશાસિત પ્રદેશની પ્રથમ મુલાકાત છે.

આજે શ્રી ધનખડ સિલ્વાસા, દાદરા અને નગર હવેલીમાં નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની મુલાકાત લેશે, જ્યાં તેઓ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો સાથે વાર્તાલાપ કરશે. તેઓ ડોકમરડી ઓડિટોરિયમ ખાતે વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર દ્વારા આયોજિત જાહેર કાર્યક્રમમાં પણ હાજરી આપશે.

આ પૂર્વે શ્રી ધનખડે ગઈકાલે જામપોર નજીક પક્ષીઘનું અનાવરણ કર્યું હતું ઉપરાંત એન્જીનીયરીંગ કોલેજ અને ફેશન ડીઝાઈનીંગ કોલેજ તેમજ રીંગણવાડા સરકારી શાળાની મુલાકાત લીધી હતી અને બાળકોને મળ્યા હતા.

---------------------------------------------------------------------

- રીપીટ

# GOVERNOR IN SURAT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભગવાન મહાવીર યનિવર્સિટી ખાતે આયોજીત ત્રિ દવીસય અખિલ ભારતીય તેરાપંથ મહિલા સંમેલન ‘સંરક્ષણમ’માં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંબોધન કરતા રાજ્યપાલે જણાવ્યું કે ભારતીય નારીશક્તિએ હંમેશા દેશની સંસ્કૃતિ અને પરંપરાઓને ગૌરવાન્વિત કરી છે. તેમણે પરિવાર, સમાજના ચાલકબળ સમાન સ્ત્રીશક્તિને બિરદાવતા કહ્યું કે, સમાજ અને સંસ્કૃતિની જનેતા જ નારીશક્તિ છે.

આ પ્રસંગે ઉપસ્થિત તેરાપંથ જૈન સમુદાય ચતુર્માસ સમિતિના સભ્યોએ રાજ્યપાલને સ્મૃતિ ભેટ આપી તેનો આભાર વ્યક્ત કર્યો હતો.

---------------------------------------------------------------------

- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# I-KHEDUT

વર્ષ 2024-25 માટે કૃષિ ક્ષેત્રની વિવિધ યોજનાઓના લાભ મેળવવા માટે આઇખેડૂત પોર્ટલ ખુલ્લૂ મુકાયું છે.

જેમાં ખેત ઓજાર, કૃષિ સેવા પ્રદાતા, પાક મૂલ્ય વૃદ્ધિ, કૃષિ બેંક, અન્ન સંસ્કરણ એકમ, તાડપત્રી, પાક સંરક્ષણ સાધનો, ઊર્જા સંચાલિત પંપ સેટ્સ, સોલાર પાવર યુનિટ કીટ, પાણીની પાઇપલાઇન સહિતના સાધનો માટે આજથી 27 સપ્ટેમ્બર સુધી સવારે 10.30 કલાકે રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, કચ્છ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ એમ થઈને કુલ 11 જિલ્લાઓ માટે, 23 થી 29 સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ, ખેડા, આણંદ, ગાંધીનગર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, પોરબંદર, ભાવનગર, બોટાદ એમ થઈને કુલ 5 જિલ્લાઓમાં, તો 23 થી 27 સપ્ટેમ્બર દરમિયાન મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, મહીસાગર, દાહોદ, ભરૂચ, નર્મદા એમ થઈને કુલ 12 જિલ્લાઓ પોર્ટલમાં ઓનલાઈન અરજી કરી શકશે.

---------------------------------------------------------------------

- પીટીસી - રાજકોટ, - સુનિતા

-(NAVIN)

# Vishwakarma Yojana

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાને એક વર્ષ પૂર્ણ થતા ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના વર્ધા ખાતેથી વર્ચ્યુઅલી જોડાઈ ગુજરાતના લાભાર્થીઓને ચેક વિતરણ કર્યા હતા.

અમારા પ્રતિનિધિ કૌશીક જોષી જણાવે છે કે મહિસાગરના સંતરામપુરના લાભાર્થીને પી એમ મોદીના હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. વિશ્વકર્મા યોજના અંતર્ગત તાળા બનાવાની કામગીરી કરી અન્ય લોકો ને રોજગારી આપી અને રોજગારી મેળવી આત્મ નિર્ભર બનનાર કમલેશ પરમારને સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

પાલનપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમાં કારીગરોને ચેક અને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે આ કાર્યક્રમમાં શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે આ યોજના અંતર્ગત દેશના નાના નાના કારીગરોને ખૂબ મોટી મદદ થઈ રહી છે.

--------------------------------------------------------------------

- મહિસાગર, બનાસકાંઠા- પીટીસી- રિધ્ધિ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# SURAT SWATCHCHTA HI SEVA

"સ્વચ્છતા હી સેવા-2024" અભિયાન અંતર્ગત સુરતમાં વિવિધ કાર્યક્રમોનું ઉજવણઈ કરાઈ રહી છે. દરમિયાન આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ માંડવી તાલુકાનાં લાડકુવાગામ ખાતે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ જણાવ્યું કે, સફાઇ અભિયાનએ જન આંદોલન છે જેમાં આપણે સૌએ પોતાનું યોગદાન આપવું પડશે. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્યો ઉપરાંત અન્ય અધિકારીઓ તેમજ મોટી સંખ્યમા સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

-------------------------------------------------------------------------

- હિન્દુસ્તાન સમાચાર – સુનિતા

-(NAVIN)

# MODHVADIYA

સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદે વિરામ લેતા ખેડુતોનો પાક માટે પીયતની જરૂરિયાત ઉભી થઈ હોવાથી પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ રાજ્યના ઉર્જામંત્રી કનુ દેસાઈને પત્ર લખીને તેમજ રૂબરુ મુલાકાત કરીને ખેડૂતોને દૈનિક 8 ને બદલે 12 કલાક વિજળી આપવાની રજુઆત કરી છે.

ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું છે કે ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખૂબજ ભારે સારો વરસાદ થતાં ખેડૂતોને મગફળી સહિતનો પાક ખૂબ જ સારો થાય તેવી સંભાવના છે. આ રજૂઆતના સંદર્ભમાં ઉર્જામંત્રી કનુ દેસાઈએ વધુ વીજળી પુરી પાડવા અને વીજ ફોલ્ટના બનાવોમાં તાત્કાલિક પગલાં લેવા માટે વધુ ટીમો ફાળવવાની બાહેંધરી આપી હતી.

---

- હિન્દુસ્તાન સમાચાર ૦ સુનિતા

-(NAVIN)

# NID EXHIBITION

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન – NID ખાતે ટેરા કાર્ટા ડિઝાઇનનું પ્રદર્શન ખુલ્લું મૂકાયું છે. વિદ્યાર્થીઓ દ્વારા આબોહવા પરિવર્તનના પડકારોના ઉકેલ માટે ડિઝાઇન કરાયેલા વિવિધ પ્રોજેક્ટ્સ અહીં નિહાળી શકાશે. આજથી 2 ઑક્ટોબર સુધી ચાલતા આ પ્રદર્શનમાં પર્યાવરણ સંરક્ષણ અને લાંબા ગાળાના, નવીન અને ટકાઉ ઉકેલ, આરોગ્ય, માળાખાકીય વિકાસ, ઉર્જા, આર્થિક વિકાસ સહિતના વિષયોને આવરી લેવાયા છે.

-----------------------------------------------------------------------

- માહિતી ખાતુ ૦ સુનિતા

-(NAVIN)

# KUTCH MERATHON

ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા સમગ્ર રાજ્યમાં એચ.આઈ.વી. એઈડ્સ અંગે જાગૃતિ પ્રસારણ માટે મેરેથોન યોજાઇ હતી.. ટી.બી. વિભાગ, કચ્છ યુનિવર્સિટી અને શ્રી સેવાનિધી ટ્રસ્ટ અંજારના સંયુક્ત ઉપક્રમે કચ્છ યુનિવર્સિટી ખાતે “રેડ રન સ્ટેટ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્રણે કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય આવનાર વિજેતાને અનુક્રમે 12 હજાર, 10 હજાર અને 8 હજાર રૂપિયાનો ચેક, મેડલ, ટ્રોફી તેમજ સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

---------------------------------------------------------------------

- PTC-W,KUTCH-HEMANG PATTANI, HARSHAL PANDYA, SONAL
-(NAVIN)

# Banaskantha - Bavaliya

રાજ્યમાં સુજલામ- સુફલામ યોજનામાં થઇ રહેલા કામો ગુણવત્તાયુક્ત રીતે અને નિર્ધારીત સમય મર્યાદામાં પૂર્ણ કરાશે.

પાણી પુરવઠા વિભાગના મંત્રી કુંવરજી બાવળીયાએ ગઈકાલે બનાસકાંઠા જિલ્લાના ચાલી રહેલા પીવાના અને સિંચાઇ વિભાગના કામોનું નિરીક્ષણ કર્યા પછી આ મુજબ જણાવ્યું હતું. તેમણે બાલારામ ખાતે બાલારામ ચેકડેમ, આખોલ અને રાણકપુર ખાતે પાણી પુરવઠા વિભાગના હેડ વર્કસની મુલાકાત લીધી હતી.

---------------------------------------------------------------------

- PTC-BANASKANTHA-SAVJI CHAUDHARY,, SHRIRANG SIR, SONAL -(NAVIN)

# BANASKANTHA YOJANA

રાજ્યના પાણી પુરવઠામંત્રીએ બનાસકાંઠામાં આખોલ અને કાંકરેજના રણપુર હેડ વર્ક્સ તેમજ મહેસાણાના ધરોઈ ખાતે સિંચાઈ અને પાણી પુરવઠાના વિવિધ કામોની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. તેમણે અહીં ફિલ્ટર રૂમની મુલાકાત પણ લીધી હતી. તેમજ યોજના અંતર્ગત આવેલ આરસીસી પંપ, ઊંચી ટાંકી, કમ્પાઉન્ડ વોલ, ગ્રેવિટી મેઈન પાઇપ લાઇન મશીનરી વગેરેની સમીક્ષા કરી હતી.

ઉલ્લેખનીય છે કે રાધનપુર અને સાંતલપુર સુધારણા જૂથ યોજના અંતર્ગત 84 કરોડ 88 લાખ રૂપિયાના ખર્ચે અમલી બનેલ નર્મદા મેઈન કેનાલ આધારિત બીકે-3 જૂથ યોજના અંતર્ગત હાલમાં રાધનપુર અને સાંતલપુરના 64 ગામ, 3 ફળિયા અને 1 શહેરના લોકો લાભ લઇ રહ્યા છે. તો સમી ફિલ્ટર પ્લાન્ટથી પાટણ જિલ્લાનાં બે તાલુકાનાં 78 ગામનો સમાવેશ થયેલ છે.

---

- પાટણ પીટીસી – સુનિતા

-(NAVIN)

# IDAR GARIB KALYAN MELO

આગામી 27 સપ્ટેમ્બરના રોજ ઈડરના સાપાવાડા APMC ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાશે. જિલ્લા કલેક્ટરનાં જણાવ્યા અનુસાર મેળાના સુચારુ આયોજન માટે વિવિધ સમિતિઓની રચના કરવામા આવી છે, જેઓ વિભાગોની યોજનાઓના લાભાર્થીઓની ઓળખ કરી તેમને માર્ગદર્શન આપશે. મેળામાં 16 જેટલા સ્ટોલ ઉભા કરવામા આવશે, જે દ્વારા નાગરિકોને માર્ગદર્શન તેમજ નાગરિક સાધન સહાય વિતરણ કરવામાં આવશે.

---

- હિન્દુસ્તાન સમાચાર – સુનિતા

-(NAVIN)

# SCHOOL SKETING

પોરબંદરમાં 68મી અખિલ ભારતીય શાળાકીય જિલ્લાકક્ષા સ્કેટિંગની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં 11, 14, 17, 19 વર્ષથી ઓછી વયના યુવાન, યુવતીઓ માટે સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

પોરબંદર જિલ્લાની અલગ અલગ શાળા, સંસ્થામાંથી આ સ્પર્ધામાં ખેલાડીઓ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું આયોજન સ્કેટિંગ રીંગ, ચોપાટી, પોરબંદર ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અંદાજીત 189 ખેલાડીઓ ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------

- PTC-PORBANDAR-MAHESH LUKKA, HARSHAL PANDYA, SONAL

-(NAVIN)